BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# નિઃસહાયતાને કારણે થતું ઈસલાનું 'વિલોપન'

ડૉ. મનોજ માહ્યાવંશી
ગુજરાતી વિભાગ,
ડૉ એ.પી.જે અબ્દુલ કલામ સરકારી કોલેજ,
સિલવાસા-દાદરા નગર હવેલી,
ભારત-૩૯૬૨૩૦
mahyavanshimanoj@yahoo.co.in
મોબાઈલ-૯૮૯૮૬૮૪૬૦૧

Abstract- ગુજરાતી દલિતસાહિત્યમાં ભી. ન. વણકરનું નામ જાણીતું છે. ભી.ન. વણકર દલિતસાહિત્યના સંનિષ્ઠ અભ્યાસુ અને દલિત સમાજના પ્રશ્નોના સાહિત્યિક અવાજને પારખનારા છે. તેમની વાર્તાઓમાં દલિત સમાજની સ્થિતિ વિશેનું આલેખન નોંધનીય છે. અહીં જેની વાત છે તે 'વિલોપન' વાર્તા એ ભણેલા એવા ઈસલા નામના નાયકના જીવનની અને મોતની કહાની છે. સરકારી યોજનાઓના અમલીકરણના આટાપાટા આ વાર્તામાં જોઈ શકાય છે. ઈસલો દલિતવર્ગનું પ્રતિનિધિત્વ કરતું પાત્ર છે જે સામાજિક વિષમતા અને અપમાન-અત્યાચારનો ભોગ બન્યું છે. સાહિત્ય નામના અરીસામાં સમાજ પોતાની વાસ્તવિકતા જોવા જો મક્કમ હશે તો આ વાર્તા સંવેદનશીલ સમાજને વિચારવા મજબૂર કરી શકે છે.

Keyword- દલિતસાહિત્ય,આઝાદી, ગ્રામસ્વરાજ-પંચાયતીરાજ, વિકાસ, દારુણ સ્થિતિ, આત્મહત્યા, દલિત-પીડિતોની વ્યથા

ભી. ન. વણકરની વાર્તા 'વિલોપન'નો ઈસલો ભણેલો છે, બેકાર છે, એક પત્ની જતી રહી છે અને બીજી માટે હિલચાલ ચાલુ છે. સવર્ણોના ખેતરમાં કામ કરવા એ મજબૂર છે. આઝાદી

પછીના ગ્રામસ્વરાજ-પંચાયતીરાજમાં દલિતવર્ગનો વિકાસ શરુ જ નથી થયો એ બાબત તરફ ઈસલાનું મનોજગત આપણને લઈ જાય છે. વાર્તામાં ત્રણેક જગ્યાએ ઇસલાની ચપ્પલનું વર્ણન આવે છે તે જુઓ-

"એણે તૂટેલા ચંપલની પટ્ટીને વાંકા વળી સરખી કરી"

"ઈસલાએ ઝડપભેર વાસનો ઢાળ ચઢતાં વાંકા વળી ચંપલનીપટ્ટી સરખી કરી."

બસ, આ ઈસલાના ચપ્પલની પટ્ટી જેવી સ્થિતિ જ દલિતવર્ગની છે. મફલા સાથેની વાતચીતના સંવાદોમાંથી અહી ગામડામાં ચાલતા જાતિભેદ અને અન્યાય-અત્યાચાર-શોષણનું ચિત્ર વાચક પામી શકે છે. અનામતને લીધે ભણેલા દલિતોને નોકરી મળી જ જાય એવું નથી અને અનામતને લીધે સવર્ણવર્ગ દલિતવર્ગને કઈ રીતે જોવા લાગ્યો એ તરફ પણ વાર્તાકાર ધ્યાન દોરે છે. જુઓ ઇસલાની વાત-

"હાળી, એ તો બધી વાતો. આપણા વાસમાં જ ચેટલા બધા ભણીન રખડઅ છઅ ? તું નથી ભાળતો ? પછઅ હું ચેઈ વાડીનો મૂળો ? આજ તો હઉ હઉનું કરી ખાય છઅ ને નામ આપણું પાડઅ છઅ, અનામત વખત હતાંણા'તા તે તું ભૂલી જ્યો છઅ ? અવો તો આપણું નામ પછઅ કે લોકો નાકનું ટેરવું ચઢાવ છઅ, હમજ્યો નઅ ?" ઈસલો ઉશ્કેરાયો ને જોરથી બોલ્યો, "હાળોંએ પેઢીઓથી લોહી ચૂસ્યું છનઅ ? અવય છોડતા નથી. હક્કનુંય આપવાનું ના પાડઅ છઅ પછઅ દાંન–દયા તો હું કરઅ ?" તિરસ્કાર પૂર્ણ થૂંકીને, બીડી ફેંકી દેતાં, થોડુંક મરકી કંઈક, યાદ કરતો હોય તેમ, "આ વખત તો સરપંચેય માથઅ પડ્યો છઅ નંઈ' લ્યા ? એમાંય મારી પછવાડઅ તો..." બોલતાં બોલતાં ઝડપથી ચાલ્યો."૧

પંચાયતમાં દલિત સભ્યો હોવા છતાં સ્થતિમાં કોઈ જ ફર્ક નથી પડતો એ છે ભારતીય ગામડાઓની વાસ્તવિકતા. લોકશાહીમાં સરપંચ તો આખા ગામનો કહેવાય પણ ગામના દલિતવાસનો નહી એ કડવી પણ સાચી હકીકત આ વાર્તામાં રજૂ થયેલી છે. દલિત ધનિયો ઘરમાં રસોડું બનાવવા ઈચ્છે પણ એ માટે પણ સરપંચની પરવાનગી લેવી પડે અને એ પરવાનગી બાબતે સરપંચ શું કહે તે જુઓ- "ઘર માટઅ લોલક લાવી આપઅ તો તનઅ છૂટ આપું."૨

આ વાર્તામાં અનુસૂચિત જાતિને મળતી વિવિધ સરકારી સહાય અને તેના અમલનું વરવું વર્ણન રજૂ થયું છે. સરકારની દલિતોના વિકાસ માટેની યોજનાઓ દલિત સુધી પહોચતી નથી અને એમાં પણ કેવા કાવાદાવા રમાય તેનું વર્ણન જુઓ-

“સરકારની મફત ઘરગાળાની યોજનામાંય આ દિયોરો પાણીના કોંહમાં જ મોકલ છઅ આપણનઅ તો... હરખી જમીન એમના ખળાં નઅ ઉકરડાં માટઅ." ઈસલો વેગમાં આવીને બોલ્યો, “ને એમાંય મનઅ તો કે'છ તારઅ હું કરવો છઅ ગાળો ?xxx“સરકાર બાથરૂમ નઅ ચૂલા માટેય આપણનંઅ સહાય આપ છ તેમાંયે... ? વળી મનઅ તો આ સરપંચ કે' તું પે'લાં બાથરૂમ બનાય, પછઅ પૈસા. અવ બાથરૂમ તો બનાયું પણ હાળો ટલ્લાવ છઅ. ઈંટો ઉધાર લાયો તો એ બાપો રોજ ઉઘરાણી કરછઅ, પણ લાવું ચ્યાંથી? પૈસા આપવાના છઅ નઅ એટલે સહીઓ કરો એમ કરીનઅ પાછી સઈઓ તો હાળાએ લઈ લીધી છઅ, ને અવઅ અરજીઓ કરી છઅ તે કોણ હાંભળઅ ?”૩

અહીં ઈસલાની જે સ્થિતિ છે તે ભારતીય દલિતની સ્થિતિ છે. ઈસલાને જે જે મળવું જોઈતું હતું તે તમામમાંથી તેને બાદ કરવાનું ગંદુ રાજકારણ પંચાયતના વ્યક્તિઓ કરે છે. ઈસલાના ઘરે એની મા ખાવાનું પણ નથી બનાવી શકતી કારણ કે-“ “હું ધૂળ રાંધઅ. મા બિચારી હું કરઅ, લોટ જ નથી ત્યાં ? મજૂરીના દાણાય દિયોરો કોઈ આલતા નહીં, ભૂખે કાંમય ચ્યમ કરીનઅ કરવું ? ખાવાનાં ખોખાં નઅ મજૂરી. પોરના દાણાય અજુ ગાંમમાં બાચી છઅ.'”૪

ઉપરાંત જે સુવિધાઓ દલિતને મળી રહી છે તેમાંય ઈરાદાપૂર્વક અડચણો ઉભી કરીને તે સુવિધાથી વંચિત રાખવા માટેના સવર્ણ સત્તાધારીઓના પ્રયત્નનું આલેખન છે. દલિતોના વાસમાં ચાર દિવસથી પાણી નથી આવ્યું એ વર્ણન જુઓ-

“ઘરમાં પાણી જ નહીં ત્યાં ? પેલાં નાગરિક સેવા સમિતિવાળાયે હાળા આપણા વાસની લાઈનનો જ કોક બંધ કરી દીધો છઅ. તે છેલ્લા ચાર દાડાથી આપણા નળમાં પાણીનું ટીપુંય પડતું નહીં. આ જનમારામાં ત્રાસ તો કાંઈ ઓછો છઅ ?’'

અમથીકાકી નામના ગૌણ પાત્રનો આ સંવાદ જુઓ-

“મૂઉં આ ગામ.” છેકથી મૂંગા મૂંગા પાછળ ઢસડાતાં આવતાં અમથીકાકી બોલ્યાં, “ગાંમમાં પાંણી હેડયું જાય છઅ નઅ આપણા વાહમાં ચકલીઓનાં ઠૂંઠાં ઊભાં કર્યાં છઅ તે ?... પાણી જ આવતું

નહીં. મારા ભૈના દિયોર, આ નાગરિક સેવા સમિતિ ને સરપંચ બધાંયનાં કાવતળાં... બધી જ વાતે મરો; જાણે પરભુને પથરે ના માર્યા હોય ! ના હખે જીવવાનું કે ના હખે મરવાનું... બધો અવતાર જ એળે જ્યો, આ ઈસલો ખરું કે'છઅ બચારરો, બળ્યો જનમારો આ જાતમાં – બધીય વાતે અન્યાય અન્યાય નઅ અન્યાય... ભગવાંન અવઅ ફરીથી જનમ જ ના આલ તો હારું !'"

પણ ઈસલો ભણેલો છે અને એટલે એને વધારે ફરક પડે છે. એના ચિતમાં ઘણુંબધું ચાલી રહ્યું છે એ મફલા સાથેની વાતમાં પોતાના મનને રજૂ કરતા જે કહે છે તે જુઓ-

ઇસલાની આંખો સમક્ષ દારુણ ગરીબી અને બેકારી તરવરવા લાગી. "ભણેલો થેનઅ એમાં મૂંઝાય છઅ હું ?"

'હમણાં બધાંય પોગળ' બાર પાડું, પણ એકલો પડું સું. ઊણ સાલ, પંચા'તના આપણા સભ્યને હું જોજેનઅ મંડળી ઊભી ના કરીએ તો ?" ઈસલાની આંખોમાં વિદ્રોહ છતો થતો હતો. અને ચાલતાં જિજ્ઞાસાપૂર્વક મફલાએ વાત વધારવા આગળ કહ્યું,

"પછઅ !!

"લઘુતમ વેતન ધારાની વાત."

"પછઅ ગાંમવાળા હેરાન કરશી, ખબર છનઅ પછઅ ?' મફલાના ચિત્તમાં ભૂતકાળના આવા અનેક પ્રસંગો યાદ આવવા લાગ્યા.

'ગાંમવાળા હું કરશઅ ? મલક આખો છનઅ ?' ઈસલો શ્રદ્ધાપૂર્ણ બોલી રહ્યો હતો."

અહીં અન્યાય સામે વિરોધ કરવાનો પ્રયાસ ઇસલાના મનમાં ચાલે છે પણ આ પહેલા માના કાકાએ વિરોધ કરેલો એ વાત યાદ કરાવતા મફ્લો તેને કહે છે-

"એમાં તો પેલા માંના કાકાનઅ પાંચ વરસ પે'લાં ઘર મૂકીને ભાગવું પડ્યું'તું ખબેર છનઅ ? એ તો ભાથી માણસ એટલે લડ્યો ને આપણે તો ભૈ હવાર થાય નઅ પાછા પારકા શેતરમઅ, પણ 'લ્યા ઈસલા, તાર તો ઘરય..."

એટલે કે આ ગામમાં કોઈપણ દલિત સવર્ણોનો, સરપંચનો વિરોધ કે કરી શકે તેમ નથી. ઈસલાની મા ઉઘાડે પગે ગંદુ પાણી લઈને જાજરૂ જાય ત્યારનો એનો બબડાટ જુઓ-

"ગાંમનો દિયોર આ સરપંચ નવાઈનો આયો છઅ તે પાંણીયે છોડતો નહીં. એમના બાપાંનઅ તો હાંઝ હવાર ને આંય જ દેવતા બળ્યો છઅ ! આ હું હારું કરવાના ? મત લેવા તો ચેવું કરગરતા'તા ? ભૂખ વેઠાય, પાંણી વના ચ્યમ રવાય ? મુઓ ભગવાંનચે અવ તો મોત આપઅ તો હારૂં... આ વઈધરમથી તો છૂટીએ..."૫

બપોર પછી પાછુ મગનકાકાના ખેતરે કામ કરવા જવાનું છે. બીજીવારના લગ્ન માટે જ્યાં વાત ચાલે છે તે મહેમાન આજે ઇસલાના ઘરે આવવાના છે. ત્યારે પોતાની દારુણ સ્થિતિ ઇસલાને વ્યાકુળ બનાવે છે. મોત આના કરતા ઓછું દુઃખી કરે એ વાત તો અમરતકાકી અને એની પોતાની મા કરી જ ચૂક્યા હતા એટલે પોતાની છેલ્લી બીડી સળગાવવા લાઈટરમાં કેરોસીન પુરવાની ઘડીએ આ ઈસલો જે કરે છે તે આપણા ભવ્ય અને દિવ્ય ગણાતાં ભારત દેશની વાસ્તવિક કારમી સ્થિતિની સાબિતી છે. જુઓ,

"ભીંતે લટકાવેલા કેરોસીનના શીશા ઉપર તેની નજર પડી. તેના ચિત્તમાં ઝબકારો થયો, ઘડીભર શૂન્યમનસ્ક બની ગયો, બપોરની બસ આવ્યાનો અવાજ સંભળાયો, તેણે શીશો હલાવી કેરોસીન જેઈ લીધું. ફરી પાછું થોડુંક આડુંઅવળું જોઈ કોણ જાણે કેમ ક્ષણમાં જ તેણે કેરોસીનનો શોશો પોતાની ઉપર ઢોળી દીધો. લાઇટર પેટાવ્યું... અને જોતજોતામાં તો ઈસલો ભડકે બળતો બૂમો પાડવા લાગ્યો...

"બચાવો... બચાવો..."

પણ હવે બચવું તેના હાથની વાત નહોતી. દુનિયાનો દાવાનળ તેની ઉપર ફરી વળ્યો હતો. ભડ ભડ આગનો અવતાર બની ભભૂકતો હતો. ઈસલો ઠેકડા મારતો, ઊભો સળગતો હતો ને બેશુદ્ધ બની બરાડતો બહાર દોડી આવ્યો.xxx

બૂમો પાડતા વાસના લોકો દોડી આવ્યા. ક્ષણ બે ક્ષણમાં તો લોકોએ બૂમબરાડા મચાવી ગોદડી વડે જલતા જ્વાળામુખીને ઢબુરી દીધો.

ચારે તરફ રાડારાડ થઈ રહી હતી. ભૂંજાઈને ભડથું થઈ ગયેલો ગોદડામાં દટાયેલો ઈસલો "પાણી... પાણી..."ની બૂમો પાડતો હતો. જીવતો માણસ જલી રહ્યાની ગંધ ચોમેર પ્રસરી રહી હતી. વાસના લોકો મૂઢ બનીને ફાટેલી આંખે ધુમાડાના બાચકાઓમાં ઈસલાનું વિલોપાતું

અસ્તિત્વ શૂન્યમનસ્ક જોઈ રહ્યા હતા. નિઃસહાય અને નિરુપાય ! વાસમાં સર્વત્ર સન્નાટો છવાઈ ગયો હતો."૬

શોષક લોકો સામે લડવાનો મનમાં નિર્ધાર કરતો ઈસલો એ નિર્ધાર ટકાવી શકતો નથી એટલી હદે એ લાચાર છે, નિઃસહાય છે. સળગીને પોતાનો જીવ આપી દેવું એ જેવીતેવી વાત નથી. ગુજરાતમાં ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ પાટણ જીલ્લા કલેકટર કચેરી સામે પોતે સળગીને આપઘાત કરી લેનાર ભાનુભાઈ વણકરનો કિસ્સો પણ જાણીતો છે. વારંવારની સરકારને રજૂઆત પછી પણ જયારે દલિતોની સમસ્યા પર ધ્યાન જ ના અપાય કે પછી યેનકેન રીતે અપમાનિત કરવામાં આવે તો આવા કરુણ કિસ્સાઓ ભારતભરમાં બનતા રહેતા હોય છે. ભાનુભાઈ વણકર ફાઈવ સ્ટાર યુથ ફેડરેશનના મંત્રી-દલિતોના આગેવાન નેતા હતા. એમની હયાતીમાં એમની જે સમસ્યા ઉપર સરકારે ધ્યાન નહીં આપેલું તેના ઉપર એમના આપઘાત પછી સરકારે તરત જ ધ્યાન આપી નિરાકરણનો પરિપત્ર કાઢ્યો. સરકારી નીતિ-રીતિ,સત્તાધારીઓ વિશે આ ઘટના ઘણું કહી જાય છે.અહીં જે વાર્તાની ચર્ચા થઈ રહી છે તે 'વિલોપન' વાર્તા સર્જકના ૨૦૦૧ના વાર્તાસંગ્રહમાં છપાયેલી છે, અને ભાનુભાઈ વણકરની અગ્નિસ્નાનની ઘટના ૨૦૧૮ની છે. આ સમાચાર રજૂ કરનારા એક પત્રકારનું આ વિધાન સાચું જ ઠરે છે-

"દેશમાં હવે લોકાને સરકારો પરથી, નેતાઓ પરથી, ન્યાયપાલિકાઓ પરથી વિશ્વાસ ઉઠતો દેખાય છે. આ પરિસ્થિતિ ખૂબ ગંભીર છે. જો સરકારો નાત-જાત અને ધર્મના આધારે અન્યાય કરવાનું નહીં છોડે તો ભવિષ્યમાં તેને ખરાબ પરિણામો માટે તૈયાર રહેવુ પડશે."૭

આપણી આ વાર્તાના અંતમાં ઈસલાના અગ્નિસ્નાન વખતે તેના પાળેલા કુતરાનો પ્રવેશ વાર્તાને વધુ કરુણ બનાવે છે. જુઓ-

"તેનો પાળેલો કાળિયો કૂતરો, સ્તબ્ધ બની ગયેલા ટોળા વચ્ચે જ ઈસલાને કણસતો... તરફડતો જોઈ, "હઉઅ... અહુ... ઉં..." કરતો ઈસલાની આજુબાજુ ફરતો ગામ આખાને ચાડી ખાતો જાણે કહેતો ન હોય,

"ઈસલો હવે ક્યારેય માગશે નહિ પાણી, મજૂરીના દાણા, બાથરૂમની સહાય કે મફત ધરગાળો...!"

ઈસલાને આ ચાર વસ્તુ મળી જાત તો એમાં કોઈનું શું બગડવાનું હતું ! આજે પણ દેશના તમામ ખૂણે વિવિધ પ્રકારના અપમાન, અન્યાય, અત્યાચાર શોષણના લીધે કંઈ કેટલી આત્મહત્યાઓ થઈ રહી છે. લોકશાહી દેશના પંચાયતી રાજની ઘોર નિષ્ફળતા તરફ વાર્તાકારે ધ્યાન દોર્યું છે. સામાજિક ઐક્યના અભાવમાં અને ખોટા અભિમાનમાં આછકલા બનેલા સવર્ણના ભોગે આ દલિતવર્ગ બિચારો જીવન ટૂંકાવે એ પણ ભારત દેશની વાસ્તવિકતા જ છે જેને નજરઅંદાજ કરી શકાય નહીં. ભી.ન. વણકર દલિતસાહિત્યના સંનિષ્ઠ અભ્યાસુ છે. દલિત સમાજના પ્રશ્નોના સાહિત્યિક અવાજને પારખનારા છે. અભ્યાસુ સર્જકની 'વિલોપન' વાર્તા ઈસલાના પાત્ર નિમિતે જગતભરના દલિત-પીડિતોની વ્યથાનું વર્ણન બની રહે છે.

સંદર્ભ-


૧. ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ, સં- દલપત ચૌહાણ, ભી.ન.વણકરકૃત 'વિલોપન' વાર્તા, સાહિત્ય અકાદમી, નવી દિલ્હી, પ્ર.આ-૨૦૦૯, પૃ. ૩૬-૩૭

૨. એજન, પૃ. ૩૭

૩. એજન, પૃ. ૩૮

૪. એજન

૫. એજન, પૃ. ૪૦-૪૧

૬. એજન, પૃ.૪૧,૪૨

૭. https://yuvasaathi.com/ દલિત-સમાજના-આગેવાનનો-આત્, ૦૨/૦૩/૨૦૧૮